ક્રમાંક:જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/ઈએનજી/૨૬
વડી કચેરી, જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તારીખ.૨૯/૦૬/૨૦૧૦.

<u>પરિપત્ર</u>

<u>વિષય:-</u> નિગમના બાકી લ્હેણાંની વસુલાતની કાર્યવાહીને વેગ આપવાના હેતુસર પાણી પુરવઠા તથા ડ્રેનેજ ચાર્જીસના બાકી લ્હેણાં પર વિલંબિત ચૂકવણાં પરના વ્યાજ તથા દંડકીય વ્યાજમા રાહત આપવા બાબત.

<u>સંદર્ભ:-</u> નિગમની તા.૯/૦૬/૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૯મી સભાના ઠરાવ ક્રમાંક : ૯૩ /ડિજનેર/૪૪૯/૨૦૧૦.

નિગમની તા.૯/૦૬/૨૦૧૦ ના રોજ મળેલ ૪૪૯ મી સભા માં પાણી તેમજ ડ્રેનેજ ચાર્જીસના બાકી લ્હેણાંની વસુલાતની કાર્યવાહીને વેગ આપવાના હેતુસર વિવિધ ઉદ્યોગ મંડળો ની રજુઆતો તેમજ હાલની વૈશ્વિક આર્થિક મંદીને ધ્યાને લઈ વિવિધ કારણોસર બાકી રહેલ લ્હેણી રકમની એક સામટી ચુકવણી કરવા માંગતા એકમોને રાહત આપવા નીચે પ્રમાણે "વન ટાઈમ સેટલમેન્ટ સ્કીમ" (OTS) અમલમાં મુકવાનું ઠરાવેલ છે.

(૧) નિગમની સભાના ઠરાવ્યા મુજબ આ યોજના પરિપત્ર જારી થયા તારીખથી તા.૩૧/૧૨/૨૦૧૦ સુધી અમલમાં રહેશે.

(૨) આ યોજના અંતર્ગત પાણી પુરવઠા તેમજ ડ્રેનેજ ચાર્જીસની સંપૂર્ણ બાકી લ્હેણી રકમની એક સામટી ચૂકવણી કરવા માંગતા એકમોને તેમની બાકી લ્હેણીરકમમાં વિલંબીત ચુકવણા પર વ્યાજમાં ૫૦ % (પચાસ ટકા) તથા દંડકીય વ્યાજમાં સંપૂર્ણ ૧૦૦ % (સો ટકા) માફી આપવાની રહેશે.

(૩) આ પરિપત્ર થયા પહેલાં જો કોઈ કિસ્સામાં વિલંબીત ચૂકવણા ચાર્જ (વ્યાજ) તેમજ દંડકીય વ્યાજ ભરપાઈ થઈ ગયેલ હોય તો તેમાં કોઈપણ પ્રકારની રાહત મળવાપાત્ર રહેશે નહીં.

TO
AM(ALT)-II

(૪) જે પાણી પુરવઠા / ડ્રેનેજ સુવિધાઓનું સંચાલન અન્ય સંસ્થાઓને તબદીલ થયેલ છે, તેવી વસાહતોના ઉદ્યોગકારોએ પણ સેવા હસ્તાંતર પહેલાના નિગમના બાકી લ્હેણાં અન્વયે નિગમની સબંધિત ક્ષેત્રિય કચેરીનો સપર્ક કરી નિગમના ના.કા.ઈ / કા.ઈ.શ્રીની કચેરીમાં જ બાકી લ્હેણી રકમ જમા કરાવવાની રહેશે. અન્યથા લાભ મળવાપાત્ર રહેશે નહી.

આ યોજનાનો અમલ ક્ષેત્રિય કાર્યપાલક ઈજનેરશ્રીઓએ કરવાનો રહેશે. તેમજ તેમના કાર્યક્ષેત્રમાં આવતી વસાહતોમાં દરેક એકમને જાણ કરવાની રહેશે. સદરહુ યોજનાના અમલ દરમ્યાન કોઈ વિસંગતતા જણાય તો તેના સ્પષ્ટ કારણ સહિત વડી કચેરીએ મુખ્ય ઈજનેરશ્રીનો સંપર્ક કરવાનો રહેશે.

સહી/–
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ...

<u>નકલ રવાના:–</u>

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડ.એસોસીએશન, અમદાવાદ................ તરફ જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે.
(૨) નિગમની તમામ વસાહતના ઉદ્યોગ મંડળો................................ તરફ જાણ તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે.
(૩) નિગમના નિર્દિષ્ટિ વિસ્તારના મુખ્ય અધિકારી શ્રીઓ.................... તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે.
(૪) નિગમની તમામ કચેરીના નોટિસ બોર્ડ પર................................ તરફ જાણ તથા બહોળી પ્રસિધ્ધિ અર્થે.
(૫) મેનેજરશ્રી(કોમ્પ્યુટર), જીઆઈડીસી, ગાંધીનગર.......................... તરફ જાણ તથા વેબસાઈટ પર મુકવા સારૂ.

રવાના કર્યું

કાર્યપાલક નિયામક